Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 10, Issue: 125, July, 2023
Paper ID: RRJ0573842
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-125-july-2023/RRJ573842

# નગરશેઠ શાંતિદાસ ઝવેરી: ઐતિહાસિક પરિચય

સંશોધક
વૈદેહી પંકજ શ્રીમાળી,
અમદાવાદ

નગરશેઠ શાંતિદાસ ઝવેરીનો જન્મ સં. ૧૬૪૧-૪૬ (ઈ.સ. ૧૫૮૫-૯૦) આસપાસ થયો હોવો જોઈએ એવું ઇતિહાસ નોંધે છે. કારણ કે ઈતિહાસકારો કોઈ ચોક્કસ અને આધારભૂત જન્મતારીખ કે જન્મ વર્ષ દર્શાવી શક્યા નથી. તેઓ જ્ઞાતિએ ઓશવાળ હોવાથી 'ઓશવાળ ભૂપાળ' એ ઉક્તિને સાર્થક કરે છે. નગરશેઠ શાંતિદાસ ઝવેરીનું જીવન એવું તો સમૃધ્ધ અને પ્રભાવક હતું કે તેમના જીવનને આલેખતો એક સ્વતંત્ર ગ્રંથ ભારે જહેમત બાદ જાણીતા સાહિત્યકાર અને વિવેચક શ્રી રતિલાલ દેસાઈની સુપુત્રી માલતીબેન શાહે પ્રગટ કર્યો છે, જે ગ્રંથનું નામ છે 'નગરશેઠ શાંતિદાસ ઝવેરી'. આ ઉપરાંત જાણીતા ઇતિહાસકાર અને અધ્યાપક શ્રી રિઝવાન કાદરી, અમદાવાદ કથાના લેખક ડૉ. માણેકભાઈ પટેલ 'સેતુ', જાણીતા ઇતિહાસકાર ડૉ. મકરંદ મહેતાએ પણ નગરશેઠ શાંતિદાસ ઝવેરીના જીવન અને કવનને આવરી લેતું રસપ્રદ સંશોધન કરેલ છે. આ ઉપરાંત સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)માં શ્રી ડુંગરશી સંપટે 'પ્રતાપી પૂર્વજો' નામનો ગ્રંથ પ્રગટ કર્યો, જેમાં શાંતિદાસ ઝવેરી વિશેની ૪૦ પાનાની ચરિત્રનોંધ લખી છે. આ ઉપરાંત શાંતિદાસ શેઠની વંશાવલી વિશે રાસ પણ રચાયા છે, જેમાં તેમના જીવનના અનેક પ્રસંગોનું વર્ણન મળી આવે છે.



નગરશેઠ શાંતિદાસ ઝવેરી એ અમદાવાદ-રાજનગરની જૈન પરંપરાના ઇતિહાસમાં એક ઝળહળતા સૂર્ય સમાન છે. તેઓ રાજકીય, સામાજિક અને ધામિર્ક એમ ત્રિવેણીક્ષેત્રે સત્કાર્યો દ્વારા સમગ્ર ભારતમાં ખ્યાતિ પામ્યા. એટલું જ નહી પણ મોગલ શાસન દરમ્યાન સમગ્ર ભારતમાં મહાજનપદ અને નગરશેઠ પદ પ્રાપ્ત કરનાર, તેઓ એક માત્ર ગુજરાતી ઓસવાલ જૈન હતા. એ સમયમાં ગુજરાત અને રાજનગર માટે આ ગૌરવ હતું. શ્રી શાંતિદાસ શેઠ અને તેમના કુટુંબીઓના ઉલ્લેખ

પાલીતાણામાં આવેલ મૂળનાયક શ્રી આદિશ્વરદાદાના પરિકરમાંની મૂર્તિઓના શિલાલેખમાં જોવા મળે છે. કારણ કે આ પરિકર શ્રી શાંતિદાસ શેઠે ભરાવેલ હતું.

સંસ્કાર અને સમૃદ્ધિની એક વિરાસતસમા શાંતિદાસ ઝવેરીને તે સમયના પ્રભાવક પ.પૂ. સાધુ ભગવતંશ્રીએ 'ચિંતામણી' મંત્ર આપ્યો અને તે મંત્રના જાપ-પૂજાથી તેઓ ખૂબ ધનિક થયા એવું માનવામાં આવે છે. આ અંગે કોઈ ઐતિહાસિક પુરાવાઓ નથી.જે વ્યક્તિને જૈન મુનિએ આપેલ 'ચિંતામણિ મંત્ર' ફળ્યો હોય, જે વ્યક્તિ સાથે અકબર બાદશાહના બેગમ જોધાબાઈ 'ભાઈ' જેવા સંબંધો રાખે, જે વ્યક્તિ મોગલ દરબારમાં 'ઝવેરીમામા' તરીકે ઓળખાય, જે વ્યક્તિ પ્રજાના હિતના, સ્વહિતના અને ધર્મસ્થાનોના હિતમાં અનેક ફરમાનો પ્રાપ્ત કરે, જે વ્યક્તિ વર્તમાન સમયના 'નગરપતિ' જેવું તે સમયમાં 'નગરશેઠ' પદ પ્રાપ્ત કરે, જે વ્યક્તિને અકબર બાદશાહ સહિત મોગલ શાસનના તમામ બાદશાહો શાહી માન, સન્માન અને કિંમતી ભેટો આપે તે વ્યક્તિ એટલે નગરશેઠ શાંતિદાસ ઝવેરી. જેઓ એ જમાનામાં સમગ્ર સમાજની મહામૂલી જણસ તરીકે ખ્યાતિ પામ્યા.

જૈન ધર્મના ઇતિહાસમાં મહાન દાનવીરોની ઝળહળતી નક્ષત્રમાળા છે તેમાં શેઠ શાંતિદાસનું નામ પણ ગણાવી શકાય. આ વામનમાંથી વિરાટ થયેલ મહાપુરુષ અનેક સંઘર્ષો, અનેક સાહસો અને અનેક સમાધાન કરીને પોતાના સમગ્ર જીવનને તળેટીમાંથી શિખર સુધી પહોંચાડ્યું એ એમના જીવનની એક મોટી સિદ્ધિ છે. તેઓ આકાશ જેવા વિરાટ અને મહાસાગર જેવા વિશાળ વ્યક્તિ હતા. નગરશેઠ શાંતિદાસના પૂર્વજો સામંત સંગ્રામસિંહ અને કુમારપાળ સિસોદિયા વંશના હતા. તેઓ મેવાડના રાજાના નજીકના સગા થતા હતા. શ્રી શાંતિદાસને યક્ષના વંશજ તરીકે ઓળખવામાં આવે છે. યક્ષ પછી તેના વંશજોની નામાવલી શ્રીયુત ડુંગરશીભાઇ સંપટે 'પ્રતાપી પૂર્વજો' પુસ્તકમાં આપેલ છે. તે સમયે વિધર્મીઓના આક્રમણ થવાથી ભારે ઉથલપાથલ સર્જાતા શાંતિદાસના પિતા સહસ્ત્રકિરણ પહેરે કપડે ૧૫ વર્ષની ઉંમરે અમદાવાદ આવ્યા. અમદાવાદમાં જે ઝવેરીને ત્યાં તેઓ નોકરીએ લાગ્યા તે ઝવેરી શેઠે પોતાની પુત્રીના લગ્ન સહસ્ત્રકિરણ સાથે કરાવ્યા અને દુકાન તથા ધંધો તેમને સોંપી દીધો. સહસ્ત્રકિરણને પહેલી પત્નીથી વર્ધમાન નામે પુત્ર થયો. સહસ્ત્રકિરણે થોડાક સમય પછી બીજા લગ્ન કર્યા. અને પત્નીથી ચાર સંતાન થયા તે પૈકી એક શાંતિદાસ હતા.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: 125, July, 2023
Paper ID: RRJ0573842
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-125-july-2023/RRJ573842

ધંધાકીય દૃષ્ટિએ એક ઝવેરી તરીકે તેઓ બાદશાહ અકબર અને પછીના ચાર મોગલ બાદશાહ જહાંગીર, શાહજહાઁ, મુરાદબક્ષ અને ઔરંગઝેબ સાથે ગાઢ નાતો બાંધી શક્યા હતા. એટલું જ નહિ પણ તેઓ તમામ બાદશાહના વિશ્વાસુ તરીકેનું સ્થાન પામ્યા હતા. ઝવેરાતની બાબતમાં બેગમોના જનાનખાના સુધી જઈ શકતા અને પ્રસંગને અનુરૂપ ઉત્તમ ઝવેરાત તેઓને આપતા. ચારેય બાદશાહો પાસેથી પાલીતાણા, ગિરનાર, આબુ, તારંગા, કેસરીનાથ અને શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જેવા જૈન તીર્થોના રક્ષણને લગતાં ફરમાનો મેળવી શક્યા. આ ઉપરાંત તેઓને રાજદરબારમાંના ઉન્નત સ્થાનનો નિર્દેશ કરે તેવા ફરમાનો પણ છે, તેમની સ્થાવર મિલકતની સુરક્ષા અંગે આદેશ આપતા ફરમાનો પણ છે, તો યુદ્ધ સમયે ઔરંગઝેબને લોનરૂપે ધીરેલા પૈસા પાછા મેળવવાના ફરમાનો છે. કોઈ એક વ્યક્તિને ચાર ચાર બાદશાહો પાસેથી આટલા બધા ફરમાનો મળ્યાં હોય તેવા દાખલા ઇતિહાસમાં દિવો લઈને શોધવા જઈએ તો પણ મળવા મુશ્કેલ છે. આ તેઓની એક મોટી સિધ્ધિ છે. પ.પૂ. શ્રી મુક્તિસાગરજીને અનેક મુશ્કેલીઓ, મુસીબતો અને મૂંઝવણો વચ્ચે માર્ગ કાઢીને સં. ૧૬૮૬(ઈ.સ. ૧૬૩૦)માં તેઓશ્રીને પ.પૂ. શ્રી વિજયદેવસૂરિના હસ્તે આચાર્યપદ અપાવે છે. તેઓ હવે શ્રી મુક્તિસાગરજીમાંથી પ.પૂ. રાજસાગરસૂરિ નામ ધારણ કરે છે. એટલું જ પણ શ્રી રાજસાગરસૂરિજીએ જે સાગરગચ્છની સ્થાપના કરી તે ગચ્છના વિકાસમાં તેઓશ્રીનો ફાળો અમૂલ્ય અને નોંધપાત્ર રહ્યો. તેઓશ્રીએ શ્રાવકોને ગચ્છમાં આકર્ષવા માટે સોનાનો વેઢ, વીંટીઓ, પાઘડીઓ, શેલા વગેરેની છૂટથી પ્રભાવના પણ કરી હતી. આના પરિણામે આ ગચ્છમાં લાખો લોકો જોડાયા. આ ઉપરાંત અમદાવાદ, ખંભાત, પાટણ, સૂરત, વડોદરા વગેરે સ્થળોએ તેઓશ્રીએ ઉપાશ્રયો પણ બંધાવ્યા.

પ.પૂ. આચાર્ય રાજસાગરસૂરિ કાળધર્મ પામ્યા અને છેલ્લા ધર્મલાભ કહ્યા ત્યારે નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી માટે તેઓશ્રીએ 'અમ્હારાઈ પ્રાણ આધારસમા' એટલે અમારા પ્રાણના આધારસમા જેવા શબ્દો ઉચ્ચાર્યા હતાં. તેઓશ્રીના મોટાભાગનો સમય મહાજનના કામમાં અને વેપારીઓમાં પરસ્પરના ઝઘડાની પતાવટમાં જતો. અમદાવાદની પાંજરાપોળનો વહીવટ પણ તેઓ જ સંભાળતા.

સં. ૧૬૫૫માં અમદાવાદમાં ઢીંગવાપાડા (આજની ઢીંકવા ચોકી) કે જે ટંકશાળ, કાળપુરમાં આવેલ છે, ત્યાંની જમીનમાંથી શ્રી ચિંતામણી પાર્શ્વનાથની જિન પ્રતિમા નીકળી હતી. જૈન સંઘે

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: 125, July, 2023
Paper ID: RRJ0573842
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-125-july-2023/RRJ573842

સં. ૧૬૫૬માં માગશર સુદ પાંચમના રોજ અમદાવાદના શકુંદપુર પાસેના બીબીપુર (સરસપુર)માં શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું દેરાસર બંધાવ્યું. આ દેરાસરની પ્રતિષ્ઠા શ્રી વિજયસેનસૂરિના હસ્તે કરાવવામાં આવી. શેઠ શાંતિદાસે આ દેરાસરને તીર્થધામ બનાવવા સં. ૧૬૭૯માં મોટાભાઈ વર્ધમાનની દેખરેખ નીચે ચિંતામણિ પાર્શ્વનાથના આ મંદિરનો જિર્ણોદ્ધાર કરાવ્યો. ૩ શિખરો, ૩ ગભારા, છ મંડપો, ૩ શૃંગાર ચોકી બનાવી ચારે બાજુએ નાની બાવન દેરીઓ બનાવી. તેને ફરતો મજબૂત કિલ્લો બનાવ્યો. આમ, તીર્થધામ જેવું આ જિનમંદિર બનાવ્યું. પૂ. મુક્તિસાગર ગણિવરના હસ્તે સં. ૧૬૮૨ના જેઠ વદ નોમને ગુરૂવારે પ્રતિષ્ઠા થઈ. એ જમાનામાં આ દેરાસર બાંધવા ૯ લાખ રૂપિયા ખર્ચ થયો હતો. સં. ૧૬૯૪માં (ઈ.સ. ૧૬૩૮માં) મોન્ડેલલ્લો નામના પ્રવાસીએ આ દેરાસરની મુલાકાત લીધી અને તેની વિગતો નોંધી છે.

સં. ૧૭૦૧ (ઇ.સ. ૧૬૪૫)માં ઔરંગઝેબે આ મંદિરને મસ્જિદમાં ફેરવ્યું. શાંતિલાલ ઝવેરીને ઔરંગઝેબની બગડેલી દાનતથી સં. ૧૭૦૪માં (ઈ.સ. ૧૬૪૮માં) મંદિરને મસ્જિદમાં ફેરવેલ ઈમારત પાછી મેળવવા અંગે શેઠ શાંતિદાસે શાહજહાઁ બાદશાહ પાસેથી ફરમાન કઢાવ્યું. સં. ૧૭૦૫માં (ઈ.સ. ૧૬૪૯માં) શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દેરાસર ફરી તૈયાર કરાવવામાં આવ્યું. પરંતુ મંદિરમાં ગાયનો વધ થયેલો હોવાથી ફરી દેરાસર તરીકે તેને સ્વીકારવામાં આવ્યું નહિ. એવું કહેવાય છે કે ફિનિક્સ નામનું પંખી મૃત્યુ પામે તો તેની રાખમાંથી ફરીવાર નવો જન્મ લે છે. ઔરંગઝેબે શાંતિદાસ ઝવેરીએ બંધાવેલ આ જિનાલયને તોડ્યું તો તેના સવાયા વારસદારોએ ઝવેરીવાડમાં જ બીજા અનેક દેરાસરો બંધાવ્યા.

શ્રી રાજસાગરસૂરિ-નિર્વાણ રાસ'ના ઉલ્લેખ પ્રમાણે શાંતિદાસ ઝવેરીનો સ્વર્ગવાસ સં. ૧૭૧૫ની સાલમાં થયો હતો. જ્યારે 'નગરશેઠ શાંતિદાસ ઝવેરી'ના પુસ્તકમાં લેખક શ્રી માલતીબેન શાહે તેમનો સ્વર્ગવાસ સં. ૧૭૧૬માં થયો હોવાનો સંભવ છે એમ નોંધેલ છે,

શેઠ શાંતિદાસ ઝવેરી કેવા ખમીરવાળા અને ખુમારીવાળા હતા તે નીચેના પ્રસંગ પરથી જોઈ શકાશે.

એક્વાર યુરોપ માલ લઈ જતું શાંતિદાસનું જહાજ લૂંટાયાના સમાચાર મળતા જ શેઠ શાંતિદાસના પ્રમુખપદે મહાજનની સભા મળી. ગુજરાતના મુઘલ સુબા એતેમાદીલાને ફરિયાદ કરવામાં આવી. આ સમયમાં કોઈ કામ પ્રસંગે સર ટોમસ રો અમદાવાદમાં હાજર હતા.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 10, Issue: 125, July, 2023
Paper ID: RRJ0573842
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-125-july-2023/RRJ573842

અમદાવાદના વેપારીઓ અને અંગ્રેજો વચ્ચે ઉગ્ર ચર્ચાઓ થઇ. રોએ કહ્યું કે : "શાંતિદાસ અને અન્ય વેપારીઓ અમારા જહાજોમાં તેમનો માલ મોકલે અથવા બ્રિટીશ પાસ મેળવે તો અમે તેમના માલની સલામતીની ચોક્કસ ખાત્રી આપીશું." પરંતુ રોની આ વાતનો ઉગ્ર વિરોધ થયો અને વેપારીઓએ ચોખ્ખુંચટ, સ્પષ્ટ ભાષામાં કહ્યું કે, અંગ્રેજોએ અમારા હિતની ક્યારેય દરકાર કરી નથી.' શેઠ શાંતિદાસે રોકડું પરખાવતા કહ્યું કે "અમે અમારા વહાણના માલિક છીએ. અમારો માલ વિદેશી વહાણોમાં મોકલીને અમે અમારા વહાણવટાને જ ઉત્તેજન આપીશું. સર ટોમસ રો તો આ વાત સાંભળીને આભો બની ગયો. તેણે સૂરતની અંગ્રેજ કોઠીના થોમસ કેરીજનને લખ્યું કે, શેઠ શાંતિદાસ પોતાની વાતમાં મક્કમ છે. તેઓ મુઘલ હાકેમોને સમજાવી શક્યા કે સ્વદેશી વહાણવટુ એ ગૌરવનો વિષય છે.

ઈ.સ. ૧૬૩૫માં શેઠ શાંતિદાસે તેમજ અન્ય વેપારીઓએ માલ ભરીને મોકલેલા વહાણો અંગ્રેજ ચાંચિયાઓએ લૂંટ્યા. એ સમયે સૂરતના સૂબેદાર ઉપર મહાજનોએ કડક પગલાં લેવા દબાણ કરતાં સૂરતની અંગ્રેજ કોઠીના વડા વિલિયમ અને અન્ય અંગ્રેજોને પકડીને જેલમાં પૂરવામાં આવ્યા અને માલની નુકશાની ભર્યા પછી જ તેઓને મુક્ત કરવામાં આવ્યા. આમ ૩૮૦ વર્ષ પહેલાં શેઠ શાંતિદાસે અંગ્રેજોને પાઠ ભણાવ્યો હતો.

ઈ.સ. ૧૬૫૭માં અમદાવાદમાં શાહજહાં બાદશાહનો સુબો મુરાદબક્ષ હતો. દિલ્હીમાં શાહજહાં બાદશાહ બિમાર થવાના સમાચાર મળતાં મુરાદબક્ષે પોતાને અમદાવાદમાં રહીને દિલ્હીનો બાદશાહ જાહેર કર્યો. ૧૬૫૭ના પાંચમી ડિસેમ્બરે પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો. એ પછી દિલ્હી સામે બળવો કરવા માટે મુરાદબક્ષે શાંતિદાસના પુત્ર પાસેથી રૂપિયા ચાર લાખ અને બાવીશ હજાર અને તેમના ભાગીદાર રવિદાસ પાસેથી રૂપિયા હજાર અને શાળામાં શેઠ પાસેથી અઠ્યાસી (૮૮) હજાર એમ કુલ મળીને સાડા પાંચ લાખ રૂપિયા ઉછીના લીધા હતા. એ પેટે તેણે શાંતિદાસ ઝવેરીને કેટલાક પરગણાંની આવક લખી આપી. ઔરંગઝેબે દિલ્હી આવેલા મુરાદબક્ષ અને વૃધ્ધ બિમાર શાહજહાં એમ બંનેને નજરકેદ કર્યા અને ઔરંગઝેબ પોતે દિલ્હીનો બાદશાહ બની બેઠો. ઔરંગઝેબને ખબર પડી કે એના ભાઈએ શાંતિદાસના પૈસાથી બળવો કર્યો હતો. ચાલાક ઔરંગઝેબે ૧૮મી ઓગસ્ટ ૧૬૫૮ના રોજ મુરાદબક્ષે લીધેલા પૈસા પાછા આપવાનું ફરમાન કાઢી આપ્યું. વધારામાં બાદશાહે શાંતિદાસ ઝવેરીને શાહી પોષાક ભેટ આપ્યો.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: 125, July, 2023
Paper ID: RRJ0573842
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-125-july-2023/RRJ573842

શેઠ શાંતિદાસે મિલકતની વહેંચણીમાં તેઓની પુત્રી માણેકબાઇને પણ મિલકતનો હિસ્સો આપ્યો હતો, જેમાં માણેકબાઇને લોકાપુરીમાં આવેલી એક ભવ્ય હવેલી વારસામાં આપી હતી. 'લોકાગચ્છ' ના સ્થાપક લોકાશાહ નામના જૈને તે ઇ.સ. ૧૪૯૦ની આસપાસ વસાવી હતી. આજે તો આ હવેલી 'લોકાપુરી'નું નામ પણ લગભગ ભૂંસાઇ ગયું હોય તેવું જોવા મળે છે. પણ તે ઝવેરીવાડ વિસ્તારમાં હતી અને શેઠ શાંતિદાસ ઝવેરીવાડમાં આ ભવ્ય હવેલીમાં રહેતા હતા. એવું કહેવાય છે કે એ જમાનામાં આગ લાગતા આખી હવેલી બળીને ખાખ થઇ ગઇ હતી. પણ કઇ હવેલી ખાખ થઇ તે અંગે કોઇ ચોક્કસ માહિતી મળતી નથી.

ઇ.સ. ૧૬૫૬ના દસ્તાવેજ પ્રમાણે શેઠ શાંતિદાસે તેમના પુત્ર લક્ષ્મીચંદને ઝવેરીવાડની હવેલી, કોઠારી પોળની હવેલી, માણેકચોકમાં આવેલી ત્રણ માળની દુકાન, ઝવેરીવાડ પાસે આવેલો ૧૦૦ વારનો ખુલ્લો પ્લોટ, સોના અને પિત્તળના વાસણો વગેરે મિલકતો વારસામાં આપેલા.

શેઠ શાંતિદાસ ઝવેરીવાડમાં જે હવેલીમાં રહેતા ત્યાં તેમના એક પડોશી ઉમરાવ કુટુંબનો ચારિત્ર્યવાન અંગ્રેજ જ્યોર્જ ઓક્સીડેસ્ટ હતો. આ ઝવેરીવાડમાં એટલા માટે રહેવા આવ્યો હતો કે કોઠીમાં મોટેભાગે રહેતા લોકો જુગાર રમતા અને દારૂ પીતા. આ સમયે કોઇ પણ 'લેડી' ભારતની મુલાકાત લેતી નહોતી. કોઠીમાં 'જુવાન-વાંઢા' રહેતા અને સજાતીય સંબંધો બાંધતા. આ બધી બદીઓથી દૂર રહેવા તે ઝવેરીવાડમાં રહેતા. શાંતિદાસ ઝવેરીને ચાર પત્નીઓ હતી જેમનાં નામ હતાં રૂપા, કપૂર, ફુલા અને વાંછી. આ પત્નીઓ અંગે પણ ઇતિહાસના વિવિધ પુસ્તકોમાં ખાસ કોઇ ઉલ્લેખ જોવા મળતો નથી. આ અંગે સંશોધનની જરૂર છે. પત્નીઓ વિષે અને તેઓએ કરેલા સત્કાર્યો અંગે વધુ માહિતી મળવાનો પૂરો સંભવ છે. દુઃખની વાત એ છે કે શેઠ શાંતિદાસ ઝવેરી અમદાવાદના પ્રથમ નગરશેઠ હોવા છતાં આજ દિન સુધી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને એમની સ્મૃતિમાં કોઇ હોલ, કોઇ ઉદ્યાન, કોઇ પુલ કે કોઇ ચોકનું નામ પણ આપેલ નથી. ખરેખર આ વિભૂતિની પ્રતિમા અમદાવાદ શહેરમાં તેઓના સ્મારક રૂપે મૂકાય તે ખૂબ જરૂરી છે. શેઠ આણંદજી કલ્યાણજી પેઢીએ અને જૈન વીસા ઓસવાળ ક્લબે પણ આ અંગે ગંભીરતાથી વિચારવું જોઇએ. આમ, અમદાવાદના સંસ્કાર, સંસ્કૃતિ અને સમૃદ્ધિની એક વિરાસત સમા શેઠ શાંતિદાસ ઝવેરીના સદ્ગુણો, સત્કાર્યો અને સાહસો ઇતિહાસના પાને સુવર્ણાક્ષરે અંકિત થયેલા જોવા મળે છે તેથી એવું કહી શકાય કે :

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: 125, July, 2023
Paper ID: RRJ0573842
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-125-july-2023/RRJ573842

"જબ તક સૂરજ ચાંદ રહેગા,
તબ તક તેરા નામ રહેગા."

પદ્મસિંહનો જૈનધર્મ અંગીકાર

પદ્મસિંહ એક વખત મેવાડના ડુંગરોમાં ઘોડા ઉપર બેસીને હરણના શિકારે નીકળ્યા હતા. જેને રજૂપતોમાં 'મૃગયા ખેલ' કહેવામાં આવે છે. તેણે હરણોના એક ટોળા ઉપર એક તીર છોડ્યું, જેનાથી એક હરણ બચ્ચું ઘાયલ થયું. ચીસ પાડીને બચ્ચું ઢળી પડ્યું. બીજાં હરણાં જતાં રહ્યાં, પણ તેની માતા ખસી નહીં. પદ્મસિંહે ઘાયલ થયેલા બચ્ચાને પોતાના ઘોડા ઉપર લઇ લીધું. અને આગળ ચાલવા માંડ્યું. પદ્મસિંહે પાછળ જોયું તો બચ્ચાની માતા ક્યાંય સુધી આંખમાં આંસુ સાથે પાછળ પાછળ આવતી હતી. બચ્ચાની માતા હરણીનો દુ:ખમય ચહેરો તેની નજર સામેથી ખસતો નહોતો. માતાના આ ચહેરે પદ્મસિંહને નબળાઈનો અનુભવ કરાવ્યો. તેનું હૃદય હચમચી ગયું. આગળ જતાં રસ્તામાં વૃક્ષોની છાયામાં એક સાધુ તેમના શિષ્યો સાથે ચર્ચા કરતા હતા. પદ્મસિંહે ત્યાં જઇને તૃષા છિપાવી. સાધુ સાથે ત્યાં સ્વાભાવિક ચર્ચા થઇ, અને વાતવાતમાં પદ્મસિંહે હરણના બચ્ચાની ઘટના કહી. સાધુ પુરુષે પદ્મસિંહને સહજભાવે ક્ષત્રિયનો ધર્મ સમજાવ્યો. જમીન ઉપરના કોઇ જીવને નહીં દુભવવાનો ઉપદેશ આપ્યો. થોડા વખત પહેલાં પદ્મસિંહના દિલમાં મનોમંથન ચાલતું હતું, એટલે આ ઉપદેશની અસર એકદમ થઇ ગઈ. પછી તો પદ્મસિંહે સાધુપુરુષનું સન્માન કર્યું. અને પાંચ વ્રતવાળા જૈન શાસનનો સ્વીકાર કર્યો. આમ આ રીતે શાંતિદાસ ઝવેરીના સાતમી પેઢીના પૂર્વજ પદ્મસિંહે જૈનધર્મ અંગીકાર કર્યો અને તેમના વંશજો પણ અહિંસાધર્મને વળગી રહ્યા.

શાંતિદાસના પિતા સહસ્રકિરણ

તેમના સમયમાં મુસલમાનોનાં આક્રમણ થવાથી ભારે મોટી ઊથલપાથલ થઇ. પહેરે કપડે ૧૫ વર્ષની ઉંમરે સહસિકરણ નસીબ અજમાવવા અમદાવાદ આવ્યા, અને એક ઝવેરીને ત્યાં નોકરીએ લાગ્યા. સમય જતાં તે ઝવેરાતની પરખમાં હોશિયાર થયા. તેના મારવાડી ઝવેરી શેઠને સંતાનમાં એકમાત્ર કુમારી નામની પુત્રી હતી. શેઠે તેની પુત્રીનાં લગ્ન સહસ્રકિરણ સાથે કરાવી આપ્યાં અને તેને દુકાન પણ સોંપી દીધી. સમય જતાં તેને વર્ધમાન નામનો પુત્ર થયો. આગળ જતાં સહસ્રકિરણે બીજાં લગ્ન કર્યાં. જેનાથી ચાર સંતાનો થયાં. તે પૈકી એક શાંતિદાસ હતા. સહકિરણનાં

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708

Vol. 10, Issue: 125, July, 2023
Paper ID: RRJ0573842
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-125-july-2023/RRJ573842

કુલ પાંચ સંતાનોમાં શાંતિદાસ ખૂબ તેજસ્વી અને પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા હતા. આમ શાંતિદાસના પિતા અમદાવાદમાં આવી વસ્યા અને તે પછી તેમના વારસો પણ અમદાવાદમાં રહ્યા. એમ કરતાં તેમની બાર પેઢીઓનો વંશવિસ્તાર અમદાવાદ, સુરત અને વડોદરામાં વસ્યો હતો. આશ્ચર્યની વાત એ છે કે શાંતિદાસના જન્મદિવસની સાચી નોંધ ક્યાંય જોવા મળતી નથી.